Durgesh M. Dave

(Advocate & Notary)

Off. : 15, Sardar Complex, 1st Floor,
Nr. Govindwadi, Isanpur,
Ahmedabad-382443.
M : 99249-18540

Ref No. :

Date :

NON ENCUMBRANCE CERTIFICATE

To

Neelkanth Developers

A Partnership Firm

Add. Ahmedabad

This is to certify **Neelkanth developers,**a Partnership Firm is the owner,possessor and developer of the below said land which is hereinafter called as said land.

Revenue survey No's	516/3	**F.P No**	44
Area Sq.Mtrs.	4755	**Area Sqq.Mtrs(F.P.)**	2860
Village	Vatva	**Taluka**	Vatva
District	Ahmedabad	**Division**	T.P.-59

Further Said that the **Neelkanth Developers**, a Partnership Firm has/have proposed/started Construction of Residential Project in Name of **Shree Hari Heaven** hereinafter called as said project

Wehave examined the title of the said form the search report attached herewith from the 1994 to 2023.

We herby state that the said land is free all encumbrances

Also we have studied the book of accounts and other agreements and hereby conclude that the project land with its construction is clear marketable and free from all encumbrances except sub-Judies civil suit No. 529/2022.

Place: Ahmedabad

Date:- 14 APR 2023

NOTARY DURGESH M. DAVE CITY. AHMEDABAD GUJARAT REG. NO. :12993/ 1 Expiry Date. 9-02-2027 GOVERNMENT OF INDIA

Durgesh M. Dave

(Advocate & Notary)

SANAD No : G/1460/2004

Filing Number	540/2022	Filing Date	06-05-2022
Registration Number	529/2022	Registration Date:	06-05-2022
CNR Number	**GJAH020061492022** *(Note the CNR number for future reference)*		*View QR Code / Cause Title*

Case Status

First Hearing Date	06th May 2022
Next Hearing Date	09th May 2023
Case Stage	SUMMONS - NOTICE
Court Number and Judge	27-JUDGE, CITY CIVIL COURT

Petitioner and Advocate

1) HEIRS OF LATE SHANKARBHAI JIVABHAI(Legal Heir)
Advocate- Y B PANDIT

Respondent and Advocate

1) HEIRS OF LATE NATHABHAI JIVABHAI
Advocate - M A MANSURI
2) DHARMESHBHAI KALABHAI

3) HEIRS OF LATE JIVARAJBHAI BHAVANBHAI SORATHIYA(Legal Heir)

4) MAHENDRABHAI DALASUKHBHAI SAKHARELIYA

Advocate-R J SHAH

Acts

Under Act(s)	Under Section(s)
CODE OF CIVIL PROCEDURE, 1908	O39,

IA Status

IA Number	Party Name	Date of Filing	Next Date (Purpose)	IA Status
IA/1/2022 **Classification :** NOTICE OF MOTION	HEIRS OF LATE SHANKARBHAI JIVABHAI(Legal Heir) HEIRS OF LATE NATHABHAI JIVABHAI	06-05-2022	12-05-2022 (HEARING)	Pending

Case History

Case Status : Search by Case Number

This form needs JavaScript activated to work.

- Case Number
- FIR Number
- Party Name
- Advocate Name
- Case Code
- Act
- Case Type

All fields marked with * are required

Please select radio button

◉ Court Complex ○ Court Establishment

Court Complex *

Select Court Complex

Case Type

--Select--

Case Number *

Type Case Number

Year *

Type year

Please Enter the Captcha *

Audio

Refresh

Enter Captcha C

Search Reset

CITY CIVIL AND SESSIONS COURT, AHMEDABAD

Serial Number	Case Type/Case Number/Case Year	Petitioner versus Respondent	View
1	CS CCC/529/2022	HEIRS OF LATE SHANKARBHAI JIVABHAI Versus HEIRS OF LATE NATHABHAI JIVABHAI	View

Back

CITY CIVIL AND SESSIONS COURT

Case Details

Case Type	Filing Number	Filing Date	Registration Number	Registration Date	CNR Number
CS CCC - CIVIL SUIT (CCC)	540/2022	06-05-2022	529/2022	06-05-2022	GJAH020061492022

Case Status

First Hearing Date	Next Hearing Date	Case Status	Stage of Case	Court Number and Judge
06-May-2022	09-May-2023	Pending	SUMMONS - NOTICE	27-JUDGE, CITY CIVIL COURT

Petitioner and Advocate

- 1) HEIRS OF LATE SHANKARBHAI JIVABHAI

  Advocate - Y B PANDIT
- 1.1) KALABHAI SHANKARBHAI
- 1.2) JADIBEN SHANKARBHAI

Respondent and Advocate

- 1) HEIRS OF LATE NATHABHAI JIVABHAI

  Advocate - M A MANSURI
- 1.1) MOHANBHAI NATHABHAI

  Advocate - M A MANSURI
- 1.2) PURSHOTTAMBHAI NATHABHAI

  Advocate - M A MANSURI
- 1.3) MANEKBEN NATHABHAI
- 1.4) BALUBEN NATHABHAI
- 1.5) HEIRS OF LATE PANKAJBHAI NATHABHAI(Legal Heir)

  Advocate - M A MANSURI
- 1.5.1) DAKSHESH PANKAJBHAI KAPADIYA

  Advocate - M A MANSURI
- 1.5.2) HITESH PANKAJBHAI KAPADIYA

  Advocate - M A MANSURI
- 1.5.3) CHINTAN PANKAJBHAI KAPADIYA

  Advocate - M A MANSURI
- 1.5.4) KOKOLABEN PANKAJBHAI KAPADIYA WIDOW OF PANKAJBHAI KAPADIYA

  Advocate - M A MANSURI
- 1.6) MANJULABEN NATHABHAI

  Advocate - M A MANSURI
- 2) DHARMESHBHAI KALABHAI
- 3) HEIRS OF LATE JIVARAJBHAI BHAVANBHAI SORATHIYA(Legal Heir)
- 3.1) HANSABEN JIVARAJBHAI
- 3.2) TUSHAR JIVARAJBHAI

- 3.3) NEHALBEN JIVARAJBHAI
- 4) MAHENDRABHAI DALASUKHBHAI SAKHARELIYA

Advocate - R J SHAH

Acts

Under Act(s)	Under Section(s)
CODE OF CIVIL PROCEDURE, 1908	O39,

IA Status

IA Number	Party Name	Date of Filing	Next Date	IA Status
IA/1/2022 **Classification :** NOTICE OF MOTION	HEIRS OF LATE SHANKARBHAI JIVABHAI(DECEASED) HEIRS OF LATE NATHABHAI JIVABHAI	06-05-2022	06-05-2022	Pending

Case History

Registration Number	Judge	Business On Date	Hearing Date	Purpose of hearing
529/2022	JUDGE, CITY CIVIL COURT	06-05-2022	12-05-2022	HEARING
529/2022	JUDGE, CITY CIVIL COURT	12-05-2022	29-06-2022	HEARING
529/2022	JUDGE, CITY CIVIL COURT	29-06-2022	16-07-2022	HEARING
529/2022	JUDGE, CITY CIVIL COURT	16-07-2022	27-07-2022	WRITTEN STATEMENT/REPLY
529/2022	JUDGE, CITY CIVIL COURT	27-07-2022	10-08-2022	HEARING
529/2022	JUDGE, CITY CIVIL COURT	10-08-2022	14-09-2022	HEARING
529/2022	JUDGE, CITY CIVIL COURT	14-09-2022	12-10-2022	HEARING
529/2022	JUDGE, CITY CIVIL COURT	12-10-2022	28-11-2022	HEARING
529/2022	JUDGE, CITY CIVIL COURT	28-11-2022	04-01-2023	HEARING
529/2022	JUDGE, CITY CIVIL COURT	04-01-2023	15-02-2023	HEARING
529/2022	JUDGE, CITY CIVIL COURT	15-02-2023	05-04-2023	HEARING
529/2022	JUDGE, CITY CIVIL COURT	05-04-2023	09-05-2023	SUMMONS - NOTICE

Case Transfer Details within Establishment

Registration Number	Transfer Date	From Court Number and Judge	To Court Number and Judge
529/2022	01-07-2022	20 - JUDGE, CITY CIVIL COURT	61 - VACANT COURT
529/2022	01-07-2022	61 - VACANT COURT	12 - JUDGE, CITY CIVIL COURT

Registration Number	Transfer Date	From Court Number and Judge	To Court Number and Judge
529/2022	01-09-2022	10 - JUDGE, CITY CIVIL COURT	21 - JUDGE, CITY CIVIL COURT
529/2022	02-09-2022	21 - JUDGE, CITY CIVIL COURT	27 - JUDGE, CITY CIVIL COURT

Back

૧૧૪

અમદાવાદ ના મહે.. મિર્ઝી સિવીલ

જજ સાહેબની કોર્ટમાં

સ્પે.દિ.મુ.નંબર : ૫૨૯/૨૦૨૨

NOTARY SHLOKA B. PANDIT AHMEDABAD CITY GUJARAT STATE REG. No. 20892 GOVT. OF INDIA

વાદી: (૧.) સ્વ શંકરભાઈ જીવાભાઈ નાં વારસદારો

(૧/૧) કાળાભાઈ શંકરભાઈ

ઉ.વ.આ: 72 ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

(૧/૨) જડીબેન શંકરભાઈ

ઉ.વ.આ: 75 ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

રહેવાસી: ૬૫૦ વણકરવાસ, ગામ: લાંભા, તાલુકો: વટવા જીલ્લો: અમદાવાદ

વિરુધ્ધ

પ્રતિવાદી: (૧.) સ્વ નાથાભાઈ જીવાભાઈ નાં વારસદારો

(૧/૧) મોહનભાઈ નાથાભાઈ

ઉ.વ.આ: 80, ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

(૧/૨) પુરષોત્તમભાઈ નાથાભાઈ

ઉ.વ.આ: 73, ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

(૧/૩.) માણેકબેન નાથાભાઈ

ઉ.વ.આ: 70, ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

(૧/૪) બાલુબેન નાથાભાઈ

ARY
PANDIT
AD CITY
STATE
NDIA

ઉ.વ.આ: 68, ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

(૧/૫) સ્વ.પંકજભાઈ નાથાભાઈનાં વારસદારો

(૧/૫/૧) દક્ષેશ પંકજભાઈ કાપડિયા

ઉ.વ.આ: 37, ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

(૧/૫/૨) હિતેષ પંકજભાઈ કાપડિયા

ઉ.વ.આ: 35 ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

(૧/૫/૩) ચિંતન પંકજભાઈ કાપડિયા

ઉ.વ.આ: 30, ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

(૧/૫/૪) કોકિલાબેન પંકજભાઈ કાપડીયા તે પંકજભાઈ કાપડીયા નાં વિધવા પત્ની

ઉ.વ.આ: 55 ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

(૧/૬) મંજુલાબેન નાથાભાઈ

ઉ.વ.આ: 60, ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

ઉપરોક્ત ૧/૧ થી ૧/૬ તમામ રહેવાસી મુકામ: લાંભા, તાલુકો: દસક્રોઈ, જીલ્લો: અમદાવાદ

(૨.) ધર્મેશભાઈ કાળાભાઈ

ઉ.વ.આ:___, ધર્મે: હિંદુ, ધંધો:ખેતી

રહેવાસી: ૨૪, શાંતિવન ડુપ્લેક્ષ, ઇન્ડીયા કોલોની, બાપુનગર, અમદાવાદ

(૩.) સ્વ જીવરાજભાઈ ભવાનભાઈ સોરઠીયાનાં વારસદારો

(૩/૧.) હંસાબેન જીવરાજભાઈ

ઉ.વ.આઃ___, ધર્મેઃ હિંદુ, ધંધોઃખેતી

(૩/૨.) તુષાર જીવરાજભાઈ

ઉ.વ.આઃ___, ધર્મેઃ હિંદુ, ધંધોઃખેતી

(૩/૩.) નેહલબેન જીવરાજભાઈ

ઉ.વ.આઃ___, ધર્મેઃ હિંદુ, ધંધોઃખેતી

ઉપરોક્ત ૩/૧ થી ૩/૩ તમામ રહેવાસીઃ ૫-રાજધાની એપાર્ટમેન્ટ, ઇન્ડીયા કોલોની, બાપુનગર, અમદાવાદ.

(૪.) મહેન્દ્રભાઈ દલસુખભાઈ સખરેલિયા

ઉ.વ.આઃ___, ધર્મેઃ હિંદુ, ધંધોઃખેતી

રહેવાસીઃ ૪૮, કર્ણાવતીપાર્ક, સી.ટી.એમ ચાર રસ્તા પાસે, અમદાવાદ.

બાબત : ડેક્લેરેશન, પાર્ટીશન ઓફ પ્રોપર્ટી , વેચાણ દસ્તાવેજ રદીકરણ અને કાયમી મનાઇહુકમનો દાવો .

દાવાનો આંકઃ રૂ. ૫૬,૦૧,૮૦૦/- નાં આંકથી

કોર્ટ ફી સ્ટેમ્પ રૂ.________/-

સમો વાદી ની દાવા અરજીની બિના એ છે કે...

(૧) અમો વાદી અમારા ઉપરોક્ત જણાવેલ સરનામે અમારા પરીવાર સાથે રહીએ છીએ અને ખેતી કરી અમારૂ તથા અમારા પરીવારનું ગુજરાન ચલાવીએ છીએ.

(૨) ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૫ (નારોલ) જીલ્લાના, વટવા (જુનો દશક્રોઈ) તાલુકાના મોજે ગામ – વટવાની સીમના બ્લોક સર્વે નંબર – ૫૧૬/૩ ની ૦-૪૭-૫૫ હે.આરે.ચો.મી. આકાર રૂ.૩.૩૧ (ખાતા નંબર ૧૭૧૫) પૈસાવાળી જમીન જેનો ટી.પી.નં.૫૯ માં સમાવેશ થતા આપવામાં આવેલ ફા.પ્લોટ નં.૪૪ ની ૨૮૬૦ ચો.મી. જમીન રહેણાંકના હેતુ માટે બીનખેતી જમીન જેના ખૂટ ચારની વિગત નીચે મુજબ છે

:::-બ્લોક/સર્વે નંબર ૫૧૬/૩ નાં ખુંટ ચારની વિગત::-

પૂર્વે : લાગુ સર્વે નંબર ૫૧૬/૧

પશ્ચીમઃ લાગુ સર્વે નંબર ૫૧૭

ઉત્તરેઃ લાગુ સર્વે નંબર ૫૧૯

દક્ષીણેઃ લાગુ સર્વે નંબર ૧૩૭

જેને હવે પછી આ દાવાની કાર્યવાહી માં દાવાવાળી જમીન મિલકત અથવા તો સદરહુ દાવાવાળી જમીન મિલકત તરીકે સંબોધવામાં આવશે.

(૩.) સદરહુ દાવાવાળી જમીન મિલકત અમો વાદી તથા પ્રતિવાદી નંબર ૧/૧ થી ૧/૬ ની વડીલો પાર્જીત જમીન મિલકત છે. સદરહુ જમીન મિલકત માં અમો વાદીઓનો હાલની તારીખે પણ પ્રત્યક્ષ કબ્જો ભોગવટો આવેલ છે અને હાલની તારીખે પણ દાવાવાળી જમીન મિલકતમાં અમો ખેતી કરીએ છીએ અને ડાંગરનું વાવેતર કરેલું છે.

(૪.) સદરહુ જમીન મિલકત અમો વાદીઓની વારસાઈ હક્કે પ્રાપ્ત થયેલ જમીન મિલકત છે. સદરહુ સર્વે નં.૫૧૬/૩ ની જમીનનાં ખાતેદાર આત્મારામ ખોડીદાસનું અવસાન થવાથી તેમના સીધી લીટીના કાયદેસરના કુદરતી વારસદાર તરીકે બાઈ સુરજ તે આત્મારામ ખોડીદાસની વિધવાનું નામ દાખલ થયેલ. જે અંગે ગામ રેકર્ડ નમુના નંબર છ ના હકક પત્રકમાં ફેરફાર નોંધ નં.૧૬૨૪ થી તા.૨૭/૦૩/૧૯૩૨ નાં રોજ કરવામાં આવેલ છે.

(૫.) સદરહુ સર્વે નં.૫૧૬/૩ ની જમીનના ખાતેદાર બાઈ સુરજ તે આત્મારામ ખોડીદાસની વિધવા એ તા.૦૨/૦૬/૧૯૩૮ ના રોજ વેચાણ દસ્તાવેજના આધારે (૧) નાથાભાઈ જીવાભાઈ (૫૦%) (૨) શંકરભાઈ જીવાભાઈ (૫૦%) ને વેચાણ આપેલ. જે અંગે ગામ રેકર્ડ નમુના નંબર છ ના હકક પત્રકમાં ફેરફાર નોંધ નં.૨૦૦૯ થી તા.૨૨/૦૧/૧૯૩૯ ના રોજ કરવામાં આવેલ છે.

(૬.) ત્યારબાદ સદરહું સર્વે નંબર-૫૧૬/૩ ની હે.આરે.ચો.મી. ૦-૪૭૫૨. જુની શરતની ખેતીની જમીનમાં (૧) નાથાભાઈ જીવાભાઈ (૨) શંકરભાઈ જીવાભાઈ નુ નામ સંયુક્ત રીતે ચાલે છે. સદર નાથાભાઈ જીવાભાઈએ તેમની હયાતીમાં તેમના પુત્રો અને પુત્રીઓ (૧) મોહનભાઈ નાથાભાઈ (૨) પુરષોત્તમભાઈ નાથાભાઈ (૩.) માણેકબેન નાથાભાઈ (૪) બાલુબેન નાથાભાઈ (૫) પંકજભાઈ નાથાભાઈ ૬) મંજુલાબેન નાથાભાઈના નામ સહભાગીદાર તરીકે જમીનનાં રેવન્યુ રેકર્ડમાં દાખલ કર્યા. જે અંગે ગામ નમુના નંબર છ ના હકક

પત્રકમાં ફેરફાર નોંધ નં.૧૪૦૦૦ થી તા.૧૮/૦૬/૨૦૦૪ નાં રોજ કરવામાં આવેલ.

(૭.) ત્યારબાદ સદરહુ જમીનના ૫૦% નાં સંયુક્ત ખાતેદાર શંકરભાઈ જીવાભાઈનું તા.૧૫/૦૧/૧૯૯૮ નાં રોજ અવસાન થવાથી તેમના સીધી લીટીના કાયદેસરના કુદરતી વારસદારો તરીકે (૧) કાળાભાઈ શંકરભાઈ (૨) જડીબેન શંકરભાઈના નામો રેકર્ડમાં દાખલ કરેલ છે. જે અંગે ગામ રેકર્ડ નમુના નંબર ૭ ના હકક પત્રકમાં ફેરફાર નોંધ ન.૧૫૬૯ થી તા.૦૨/૦૧/૨૦૧૦ ના રોજ કરવામાં આવેલ ત્યારથી સદરહુ જમીનમાં અમો વાદીઓ માલિક અને કબજેદાર બનેલા છીએ અને ખેતી કરી ઉપજ-નીપજ લેતા આવેલા છીએ અને હાલની તારીખે પણ અમો વાદી દાવાવાળી જમીન મિલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવીએ છીએ

(૮.) આ કામના પ્રતિવાદી નંબર ૧/૧ થી ૧/૬ આ જમીનનાં ૫૦% નાં સહ હિસ્સેદારો છે અને અમો વાદીઓ સદરહુ જમીન નાં ૫૦% હિસ્સાના વારસાઈ સંયુક્ત હક્કે માલિક અને કબજેદાર છીએ. સદર જમીન મિલકતની કોઈ હિસ્સા વહેંચણી થયેલી નથી. સદર જમીન મિલકતના અમારા હિસ્સમાં અમો વાદીઓ જ ખેતી કરતા આવેલ છીએ.

(૯.) અમો વાદીઓ ના વડવા સદરહુ જમીન મિલકતનાં વર્ષ ૧૯૩૨ થી કાયદેસરનાં સાચા અને ખરા માલિક છે અમે સદરહુ જમીન મિલકતમાં અમારો ૫૦% સંયુક્ત હિસ્સો ક્યારેય કોઈને વેચાણ આપેલ નથી.

(૧૦.) વર્ષ ૧૯૩૨ થી સતત રીતે દાવાવાળી જમીન મિલકત અમો વાદીઓના કબજા ભોગવટામાં આવલે હોઈ અમો એ સદરહુ જમીન મિલકતનો રેવન્યુ રેકર્ડ ચેક કરેલ નહિ તેમજ અમો વાદીઓને સદરહુ પ્રતિવાદી નંબર ૧/૧ ઉપર પાકો ભરોષો હતો કે તેઓ અમો વાદીઓને જાણ કર્યા સિવાય સદર જમીન મિલકતનાં વેચાણનો કોઈ નિર્ણય કરશે નહિ.પરંતુ તારીખ ૨૬.૧૨.૨૦૨૧ નાં રોજ ગુજરાત સમાચાર દૈનિકમાં જાહેર નોટીસ જોઈ અમે હેબતાઈ ગયેલા અને વાંધા આપેલા જે એડવોકેટ શરદ દરજી એ તારીખ ૨૦-૦૧-૨૦૨૨ નાં રોજ વાંધા નો જવાબ મોકલેલો

(૧૧.) ત્યારબાદ જમીન – દલાલો અમારી જમીન બીજા ને બતાવવા સ્થળ ઉપર આંટા ફેરા કરતા હોઈ અમોએ જમીન દલાલ ને પુછેલ કે કઇ જમીન વેચવાની છે ત્યારે તેમણે દાવા વાળી જમીન વેચવાની છે એવું જણાવેલ જેથી અમોએ વકીલ શ્રીનો સંપર્ક કરી તારીખ ૧૪.૦૩.૨૦૨૨ નાં રોજ સબરજીસ્ટ્રાર ઓફિસનો સર્ચ રિપોર્ટ કઢાવેલ જે પરથી જાણવાં મળેલ કે આ કામના પ્રતિવાદી નંબર ૧/૧ એ દાવાવાળી જમીન મિલકત કપટપૂર્વક અને અપ્રમાણિકતાથી તારીખ: ૩૧.૦૫.૨૦૧૦ નાં રોજ વેચાણ દસ્તાવેજ નોધણી નંબર ૫૭૬૫/૨૦૧૦ થી પ્રતિવાદી નંબર ૨ અને ૩ ની તરફેણમાં વેચાણ કરી આપેલ છે. અને ત્યારબાદ પ્રતિવાદી નંબર ૨ અને ૩ નાં વારસદારોએ તારીખ ૧૪/૦૬/૨૦૧૧ નાં રોજ કપટપૂર્વક અને અપ્રમાણિકતાથી વેચાણ દસ્તાવેજ નોધણી નંબર ૭૪૬૪/૨૦૧૧ થી વેચાણ આપી દીધેલ છે. ત્યારબાદ

અમો એ તારીખ ૧૬/૦૩/૨૦૨૨ અને ૧૭/૦૩/૨૦૨૨ નાં રોજ સદરહુ વેચાણ દસ્તાવેજ ની નકલ મેળવેલ જેનો અભ્યાસ કરતા માલુમ પડેલ કે સદરહુ જમીનમાં અમારો ૫૦% સંયુક્ત હિસ્સો ડુબાડવાનાં આશયથી આ કામના પ્રતિવાદી નંબર ૧/૧ નાં એ ફ્રોડ થી કપટપૂર્વક રેવન્યુ રેકર્ડમાં તારીખ ૧૨.૦૩.૨૦૧૦ નાં રોજ ફેરફાર નોધ નંબર ૧૫૮૦૪ જે નીચે મુજબ છે પડાવી દીધેલ છે.

<u>નોંધ નં. ૧૫૮૦૪</u>

<u>*મોજેઃ- વટવા તાઃ- દસક્રોઇ ના માર્જીનમાં જણાવેલ સંન/બ્લોક નંબર ના ખાતા નં ૨૩૧ માં ૧) નાથાભાઇ જીવાભાઇ ૨) મર્હુમ શંકરભાઇ જીવાભાઇ ના વારસદારો ૧ કાળાભાઇ શંકરભાઇ ૨ જડીબેન શંકરભાઇ ૩ પુરષોત્તમભાઇ નાથાભાઇ, ૪ માણેકબેન નાથાભાઇ ૫ બાલુબેન નાથાભાઇ ૪ માણેકબેન નાથાભાઇ ૫ બાલુબેન નાથાભાઇ ૬ પંકજ નાથાભાઇ ૭ મંજુલાબેન નાથાભાઇ વિગેરે ના સયુંકત નામે ખાતુ ચાલે છે તેઓએ તેમનો હક્ક હિસ્સો લાગ ભાગ રાજી ખુશી થી સ્વેચ્છાએ મોહનભાઇ નાથાભાઇ ની તરફેણમાં જતો કરતા અરજદારની અરજી સાથે હક્ક કમી નુ ડેકલેરેશન આધારે ઉપરોકત નામો કમી કરવા હક્ક કમી ની નોંધ કરી.*</u>

(૧૨.) આમ અમો ૫૦% નાં પોતાના સહભાગીદારોની સાથે સાથે ફ્રોડ થી કપટપુર્વક અપ્રમાણિકપણે (અમો વાદીઓ જેમણે ક્યારેય કોઇને હિસ્સો વેચાણ આપેલ નથી કે કબજો પણ ટ્રાન્સફર કરેલ નથી) અમારી હિસ્સો ઉઠાવી લીધાની એન્ટ્રી નં. ૧૫૮૦૪ ફ્રોડ થી પડાવી દાવાવાળી જમીન મિલકતમાં

અમારા હિસ્સા સહિતનું વેચાણ કરી દીધેલ છે. સદરહુ જમીન મિલકત પૈકી ૫૦% અમો વાદીઓના વડવાની સ્વતંત્ર કમાણી ની મિલકત હોઈ સદરહુ જમીન માં અમો વાદીઓનો ૧/૨ ભાગ લાગતો હોવા છતાં પ્રતિવાદીઓએ કપટપૂર્વક કરેલા વેચાણ દસ્તાવેજનું રદીકરણ કરાવવા તેમજ આ સંયુક્ત મિલકતમાં પાર્ટીશન ઓફ પ્રોપર્ટીનું તથા ડીકલેરેશનનું હુકમનામું મેળવવા હાલનો દાવો કરવાની જરૂર પડેલ છે.

(૧૩.) સદરહુ વેચાણ દસ્તાવેજ ની અમો વાદીને કોઈ જાણ હતી નહિ પરંતુ આ કામના પ્રતિવાદી નંબર ૧/૧ એ ખોટું સમજાવીને ફ્રોડ થી પાડવામાં આવેલ એન્ટ્રી જે ફક્ત ફિસ્કલ પર્પઝ માટેજ ઉપયોગ થઇ શકે છે તેવી રેવન્યુ એન્ટ્રીથી દાવાવાળી મિલકતમાં અમો વાદીનો વડીલોપાર્જીત, સહભાગિક તરીકે વણવહેંચાયેલ, સંયુકત માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા તથા જાતખેડના હકક સમાયેલ છે અને સદર દાવાવાળી જમીનમાં અમારા હકકો પોષાતા હોવાની જાણ આ કામના પ્રતીવાદી નંબર - ૧/૧ ને હોવા છતાં સદરહુ દાવાવાળી જમીન ખોટી અને ગેરકાયદેસર રીતે અમો વાદીની જાણ તથા લેખીત સંમતી લીધા સિવાય અમો વાદીને અંધારામાં રાખીને મિલકત હસ્તાંતરનાં કાયદાની જોગવાઈઓને અનુસર્યા સિવાય ખોટી અને ગેરકાયદેસર રીતે આ કામના પ્રતીવાદીઓએ એકબીજાના મેળાપીપણાંમાં આવી જઇ વેચાણ દસ્તાવેજો કરી-કરાવી લીધેલ છે. અને સદર તમામ વેચાણ દસ્તાવેજો અમો વાદીને કબુલ મંજુર અને બંધનકર્તા ન હોઇ સદર તમામ દસ્તાવેજો સ્પષ્ટ રીતે પ્રથમ

થી જ નલ એન્ડ વોઇડ હોવાથી સદર તમામ વેચાણ દસ્તાવેજો ખોટા અને ગેરકાયદેસરના છે તેવું ઠરાવવા સારૂ અને તે મુજબ દસ્તાવેજ રદીકરણનું હુકમનામું અમો વાદીના લાભમાં તેમજ આ કામના પ્રતીવાદીઓની વિરુદ્ધમાં મેળવવા સારૂ આ કામના પ્રતીવાદીઓ વિરુદ્ધ આ દાવો કરવાની જરૂર પડેલ છે.

(૧૪.) દાવાવાળી મિલકત અંગે આ કામના પ્રતીવાદીઓએ એકબીજાના મેળાપીપણામાં આવી જઇ અમો વાદીની કુલ સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ જમીનોમાં અમારો કાયદેસરનો લાગભાગ, હકક, હિસ્સો આવેલ હોવાની હકીકત જાણતાં હોવા છતાં તે અંગે બારોબાર ખોટા અને ગેરકાયદેસરના વેચાણ દસ્તાવેજો ઉભા કરી આ કામના પ્રતીવાદીઓએ એકબીજા ના મેળાપીપણામાં આવી જઇ કરેલ ગેરકાયદેસરના કૃત્યોમાં સફળ થવા સારૂ વાદગ્રસ્ત જમીનનો કબજો અમો વાદી પાસેથી યેનકેન પ્રકારે પડાવી લેવાની તજવીજો કરી રહેલ છે અને અમો વાદીને દાવાવાળી જમીનનો કબજો ભોગવટો બળજબરીપુર્વક પડાવી લેવાની ધમકીઓ આપી રહેલ છે તેથી આ કામના પ્રતીવાદીઓને તેઓના આવા ગેરકાયદેસરના કૃત્યોને રોકવા આ કામના પ્રતીવાદીઓ વિરુદ્ધ તાત્કાલીક આ દાવો દાખલ કરી પ્રતીવાદીઓ વિરુદ્ધ કાયમી મનાઇ હુકમ મેળવવાની ખાસ જરૂર પડેલ છે.

(૧૫.) અમો વાદીની જાણમાં આવ્યા અનુસાર આ કામના પ્રતીવાદીઓએ એકબીજાના મેળાપીપણામાં આવી જઇ સદરહુ

મિલકતનો ખોટો વેચાણ દસ્તાવેજ કરી લીધેલ છે અને જે ગેરકાયદેસર રીતે કરી લેવામાં આવેલ છે અને તેમ કરી આ કામના પ્રતીવાદીઓએ કાયદા વિરુદ્ધનું કૃત્ય કરેલ છે અને અમો વાદીની ૫૦% સંયુક્ત માલીકી અને કબજા ભોગવટાની આવેલ જમીનો બારોબાર તબદીલ કરાવી દેવાની પેરવી કરી રહેલ હોઇ આ કામના પ્રતીવાદીઓને તેઓના આવા ગેરકાયદેસરના કૃત્યો કરતાં અટકાવવા સારૂ હાલનો આ દાવો આપ નામદાર સાહેબની કોર્ટની સ્થાનીક હકુમતમાં કરવાની જરૂર પડેલ છે.

(૧૬.) દાવાનું કારણ -

સદરહુ સર્વે નં.૫૧૬/૩ ની જમીનના ખાતેદાર બાઈ સુરજ તે આત્મારામ ખોડીદાસની વિધવા પાસેથી તા.૦૨/૦૬/૧૯૩૮ ના રોજ વેચાણ દસ્તાવેજના આધારે (૧) નાથાભાઈ જીવાભાઈ (૨) શંકરભાઇ જીવાભાઈને સંયુક્ત વેચાણ આપેલ. જે અંગે ગામ રેકર્ડ નમુના નંબર છ ના હકક પત્રકમાં ફેરફાર નોંધ નં.૨૦૦૯ થી તા.૨૨/૦૧/૧૯૩૯ ના રોજ કરવામાં આવેલ છે ત્યારથી જમીનના ખાતેદાર શંકરભાઈ તા.૧૫/૦૧/૧૯૯૮ નાં રોજ અવસાન થવાથી તેમના સીધી લીટીના કાયદેસરના કુદરતી વારસદારો તરીકે (૧) કાળાભાઈ શંકરભાઈ (૨) જડીબેન શંકરભાઈના નામો દાખલ કરેલ છે. જે અંગે ગામ રેકર્ડ નમુના નંબર છ ના હકક પત્રકમાં ફેરફાર નોંધ ન.૧૫૬૯ થી તા.૦૨/૦૧/૨૦૧૦ ના રોજ કરવામાં આવેલ ત્યારથી સદરહુ જમીનમાં અમો વાદીઓ માલિક અને કબજેદાર બનેલા છીએ અને ખેતી કરી ઉપજ- નીપજ લેતા આવેલા છીએ. અને

આપવામાં ન આવે તો, આ કામના પ્રતીવાદીઓ અન્ય ત્રાહીત ઇસમોને સોંપે સોંપાવડાવે તેમ છે અને તે અંગે અન્ય ત્રાહીત ઇસમો સાથે લેખો, લખાણો કરે-કરાવડાવે તેમ છે અને જો તેમ થાય તો અમો વાદીના દાવાવાળી જમીન પરત્વે ના કાયદેસરના માલીક, લાગ, ભાગ, હકક, હિત, અધીકારીને ખુબ જ મોટું નુકશાન થાય તેમ છે. જેનો બદલો નાણાંથી પણ વળી શકે તેમ નથી તેમજ જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ અમો વાદીને આપવામાં ન આવે તો આ કામના પ્રતીવાદીઓ સદરહુ જમીન યેનકેન પ્રકારે અન્ય ત્રાહીત ઇસમને વેચાણ, ટ્રાન્સફર તબદીલ કરી નાખે અને દાવાવાળી જમીનનો કબજો બળજબરીપૂર્વક છીનવી લે તેમ છે અને આવા ગેરકાયદેસરના કૃત્યોના કારણે મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થાય તેમ છે. જયારે જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ અમો વાદીની તરફેણમાં આપવામાં આવે તો પ્રતીવાદીઓને કોઇ જ જાતનું નુકશાન થાય તેમ નથી. આથી પણ અમો વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવાં આપ નામદાર કોર્ટને નમ્ર અરજ છે.

(૧૮.) સબબ, અમો વાદી આ દાવો કરી દાદ માંગીએ છીએ કે....

(A) દાવાઅરજીના ફકરા નંબર ૨ માં જણાવેલી સદર જમીન મિલકતમાં અમો વાદીનો ૫૦% સહમાલિક તરીકે વડીલોપાર્જીત વણવહેચાયેલો સંયુક્ત હકક હિત હિસ્સો રહેલો છે તેવું ઠરાવો .

(B) દાવાઅરજીનાં ફકરા નંબર ૨ માં જણાવેલ દાવાવાળી જમીન મિલકતો અંગે અમો વાદી એ આ કામના

નોંધણી નંબર ૭૪૬૪/૨૦૧૧ થી વેચાણ આપી દીધેલ છે. ત્યારબાદ અમો એ તારીખ ૧૬/૦૩/૨૦૨૨ અને ૧૭/૦૩/૨૦૨૨ નાં રોજ સદરહુ વેચાણ દસ્તાવેજ ની નકલ મેળવેલ જેનો અભ્યાસ કરતા માલુમ પડેલ કે સદરહુ જમીન માં અમારો ૧/૨ હિસ્સો ડુબાડવાનાં આશયથી આ કામના પ્રતિવાદી નંબર ૧/૧ નાં એ ફ્રોડ થી કપટપૂર્વક અમો વાદીઓનો હક્ક હિત હિસ્સો ડુબાડવાના આશય થી રેવન્યુ રેકર્ડમાં તારીખ ૧૨.૦૩.૨૦૧૦ નાં રોજ ફેરફાર નોંધ નંબર ૧૫૮૦૪ પડાવી ત્યારથી આમ પોતાના સહભાગીદારો ની સાથે સાથે ફ્રોડ થી કપટપુર્વક અપ્રમાણિકપણે અમો વાદીઓ જેમણે ક્યારેય કોઈને હિસ્સો વેચાણ આપેલ નથી કે કબજો પણ ટ્રાન્સફર કરેલ નથી તેમનો હિસ્સો ઉઠાવી લીધાની એન્ટ્રી ફ્રોડ થી પડાવી દાવાવાળી જમીન મિલકત વેચાણ આપી દીધેલ છે સદરહુ જમીન મિલકત અમો વાદીઓના વડવાની સ્વતંત્ર કમાણી ની મિલકત હોઈ સદરહુ જમીન માં અમો વાદીઓનો ૧/૨ ભાગ લાગતો હોઈ ફ્રોડ થી થયેલ વેચાણ દસ્તાવેજ નું રદીકરણ કરાવવા તેમજ ડીકલેરેશન પાર્ટીશન ઓફ પ્રોપર્ટી નું હુકમનામું મેળવવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા સતત રીતે હાલનો દાવો કરવાનું કારણ આપ નામદાર કોર્ટ ની ન્યાયિક હકુમત માં ઉપસ્થિત થયેલું છે.

(૧૭.) દાવાની હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં અમો વાદીનો પ્રથમ દર્શનીય કેસ આવેલો છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમજ ઇરરીપેરેબલ લોસ ઓફ ઇન્જરી ના મુદ્દા પણ અમારી તરફેણમાં છે. જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ અમો વાદીને

આપવામાં ન આવે તો, આ કામના પ્રતીવાદીઓ અન્ય ત્રાહીત ઇસમોને સોંપે સોંપાવડાવે તેમ છે અને તે અંગે અન્ય ત્રાહીત ઇસમો સાથે લેખો, લખાણો કરે-કરાવડાવે તેમ છે અને જો તેમ થાય તો અમો વાદીના દાવાવાળી જમીન પરત્વે ના કાયદેસરના માલીક, લાગ, ભાગ, હકક, હિત, અધીકારીને ખુબ જ મોટુ નુકશાન થાય તેમ છે. જેનો બદલો નાણાંથી પણ વળી શકે તેમ નથી તેમજ જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ અમો વાદીને આપવામાં ન આવે તો આ કામના પ્રતીવાદીઓ સદરહુ જમીન યેનકેન પ્રકારે અન્ય ત્રાહીત ઇસમને વેચાણ, ટ્રાન્સફર તબદીલ કરી નાખે અને દાવાવાળી જમીનનો કબજો બળજબરીપૂર્વક છીનવી લે તેમ છે અને આવા ગેરકાયદેસરના કૃત્યોના કારણે મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થાય તેમ છે. જયારે જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ અમો વાદીની તરફેણમાં આપવામાં આવે તો પ્રતીવાદીઓને કોઇ જ જાતનું નુકશાન થાય તેમ નથી. આથી પણ અમો વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવાં આપ નામદાર કોર્ટને નમ્ર અરજ છે.

(૧૮.) સબબ, અમો વાદી આ દાવો કરી દાદ માંગીએ છીએ કે....

(A) દાવાઅરજીના ફકરા નંબર ૨ માં જણાવેલી સદર જમીન મિલકતમાં અમો વાદીનો ૫૦% સહમાલિક તરીકે વડીલોપાર્જીત વણવહેચાયેલો સંયુક્ત હક્ક હિત હિસ્સો રહેલો છે તેવું ઠરાવો .

(B) દાવાઅરજીનાં ફકરા નંબર ૨ માં જણાવેલ દાવાવાળી જમીન મિલકતો અંગે અમો વાદી એ આ કામના

પ્રતિવાદી નંબર ૧/૧ એ પ્રતિવાદી નંબર ૨ અને ૩ ની તરફેણમાં કરી આપેલ તારીખ ૩૧.૦૫.૨૦૧૦ વેચાણ દસ્તાવેજ નોધણી નંબર ૫૭૬૫/૨૦૧૦ ને બીનઅવેજી. બિનઅમલી, રદ તથા રદબાતલ ઠરાવતું હુકમનામું ફરમાવો.

(C) દાવાઅરજીના ફકરા નંબર ૨ માં જણાવેલ દાવાવાળી મિલકત અંગે આ કામના પ્રતીવાદી નંબર ૨ અને ૩ નાં એ એકબીજાના મેળાપીપણામાં આવી પ્રતિવાદી નંબર ૪ ની તરફેણમાં કરી આપેલ તારીખ ૧૪/૦૬/૨૦૧૧ નાં રોજ વેચાણ દસ્તાવેજ નોધણી નંબર ૭૪૬૪/૨૦૧૧ ને બીનઅવેજી. બિનઅમલી, રદ તથા રદબાતલ ઠરાવતું હુકમનામું ફરમાવો.

(D) દાવાઅરજી નાં ફકરા નંબર ૨ માં જણાવેલ જમીન મિલકતો ની અમો વાદી તથા પ્રતિવાદી નંબર ૧ નાં વારસો વચ્ચે કટકાવાર હિસ્સા વહેચણી કરી આપતું હુકમનામું ફરમાવો.

(E) દાવાવાળી મિલકત અંગે આ કામના પ્રતીવાદી નંબર - ૧ થી ૪ નાઓએ તેઓની તરફેણમાં ખોટી અને ગેરકાયદેસર રીતે કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજોને આધારે અન્ય કોઇપણ ત્રાહીત ઈસમોને સદરહુ દાવાવાળી જમીનોના ટાઇટલને અસર કરે તેવી રીતે વેચાણ ટ્રાન્સફર એસાઇન કરે કરાવે નહિ. કોઈ લેખો કે લખાણો કરી આપે નહી તેમજ કોઈ બોજો ઉપસ્થિત કરે-કરાવે નહિ તેમજ દાવાવાળી જમીન મિલકત નાં

૫૦% હિસ્સામાં રહેલા અમો વાદીઓનાં કબ્જો ભોગવટામાં હરકત અંતરાય કરે કરાવે નહિ તેવો કાયમી મનાઇ હુકમ આ કામના પ્રતીવાદીઓ વિરૂદધ ફરમાવશોજી.

(F) આપ ના. કોર્ટને બીજી યોગ્ય અને વાજબી લાગે તેવી દાદ કે દાદો અપાવશોજી.

(G) આ દાવાનું તમામ ખર્ચ આ કામના પ્રતીવાદીઓ પાસેથી અપાવશોજી.

(૧૯.) કોર્ટ ફી તથા હકુમત માટે સદરહુ દાવાનો સંયુક્ત આંક રૂ. ૫૬,૦૧,૮૦૦/- (દાદ સી -૧૨,૦૦,૦૦૦/- દાદ- ડી માટે ૪૪,૦૦,૦૦૦/-, તથા દાદ એ , બી ,સી , ઈ , એફ, જી માટે ૧૮૦૦) બાંધી આ દાવા અરજી ઉપર રૂ. 55,000 કોર્ટ ફી સ્ટેમ્પ ચોટેલ છે.

(૨૦.) આ સાથે દાવાઅરજી ની ડુપ્લીકેટ નકલ, વકીલપત્ર, કોર્ટ કમિશનની અરજી, દસ્તાવેજી પુરવાનું લીસ્ટ, સરનામાં પુરસીસ, એફીડેવીટ, તથા પ્રતીવાદીઓને આપવાની નકલ સામેલ છે.

(૨૧.) અમો વાદીનું દાવા અરજીના કોઝ ટાઇટલમાં જણાવેલ નામ તથા સરનામું સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર - ૬, રુલ - ૧૪ (એ) મુજબ સાચુ અને ખરૂ છે. જે આપી ના. કોર્ટને જાહેર કરીએ છીએ.

(૨૨.) સદર દાવા તથા મનાઇ અરજીની હકીકતો અને સંજોગો બદલાતા જરૂરી સુધારો વધારો કરવાનો અમારો હકક અબાધીત રાખીએ છીએ.

(૨૨.) આ સાથે એફીડેવીટ સામેલ છે.

સ્થળ: અમદાવાદ

તારીખ: (૧/૧) કાળાભાઈ શંકરભાઈ

(૧/૨) જડીબેન શંકરભાઈ

-::ઇકરાર::-

આજરોજ અમો વાદી શહેર અમદાવાદ માં આ ઇકરાર કરીએ છીએ કે આ દાવા અરજીમાં લખેલ તમામ મજકુર હકીકતો અમારા જાણવા તથા માનવા મુજબ સાચી અને ખરી છે જે આથી ના. કોર્ટને જાહેર કરીએ છીએ. અમદાવાદ.

સ્થળ: અમદાવાદ

તારીખ: (૧/૧) કાળાભાઈ શંકરભાઈ